શહેરની ફુટપાથ પર વૃક્ષોના થડીયા દુર કરાયા પણ ગાબડા યથાવત

ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરના ગગનમાંથી અગનગોળા વરસ્યા

## સિઝનની રેકર્ડબ્રેક ગરમી ૪૧.૫ ડીગ્રી : અંગ દઝાડતી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત : હજુ પણ બે દિવસમાં મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી પહોંચશે : હવામાન વિભાગે યલ્લો કાર્ડ બતાવ્યુ

ગાંધીનગર તા ૨૮

ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉનાળો આકરો બન્યો છે. ગરમીનો પારો ૪૧.૫ ડીગ્રીએ પહોંચી જતા આકાશમાંથી અંગારા વરસતા નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો.આગ ઓકતી ગરમીથી નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. આકરા તાપમાં નગરજનોએ બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. ગરમીના તિખા તેવરથી નગરજનો બેબાકળા બની ગયા હતા.આજે સિઝનની રેકર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે હજુ પણ ગરમી વધશે તેમ હવામાન નિષ્ણાંતોનુ માનવુ છે. આગામી બે દિવસમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ પહોંચી જશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.હવામાન વિભાગેપ્રથમવાર યલ્લો કાર્ડનો સંકેત આપી ગરમીના મિજાજનો પરચો આપી દીધો છે.

છેલ્લા કેટલાક સમયથી ગરમીના પારામાં ચઢ ઉતર થતી હતી. ચૈત્ર આકાશે ચઢતા નગરજનો ગરમીના આકરા મિજાજનો પરચાથી પ્રભાવિત થયા હતા. જયારે અત્યારસુધી ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચ્યો હતો. પરંતુ આજે મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી વધી જતા મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી નોંધાયુ હતુ. સવારથી જ વાતાવરણમાં ગરમીનુ સામ્રાજય

● અનુસંધાન પાન-૭ પર







(તસવીર : કશ્યપ નિમાવત)

# ટાઈની સ્થિતિમાં કમિશનરના અધ્યક્ષપદે બેઠક

## રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા ટાઈની સ્થિતિમાં ચૂંટણી અને ડ્રો ની પ્રથા અંગેના નિયમો જારી કર્યા : કોંગ્રેસ દ્વારા જોરદાર વિરોધ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામોએ સર્જેલી ટાઈની સ્થિતિને ધ્યાને રાખી શહેરી વિકાસ વિભાગે આ સ્થિતિમાં કેવી રીતે ચૂંટણી પ્રક્રિયા કરવી તેના નિયમો તાબડતોબ બનાવી અને જારી કરી દીધા છે.

રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલ આ નિયમો મુજબ હવે આ સ્થિતિમાં પ્રવર્તમાન મેયરને બદલે નવા બોર્ડની પ્રથમ બેઠકનું અધ્યક્ષ સ્થાન મ્યુનિ. કમિશ્નર લેશે એટલુ જ નહિ તે ચૂંટણી અધિકારી તરીકેની પણ ફરજ બજાવશે.

ગુજરાત પ્રોવીનશ્યલ મ્યુનિ. કોર્પોરેશન એક્ટમાં કલમ ૪૫૬ અને ૪૫૩ને ધ્યાનમાં રાખી આ નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં પ્રથમ બેઠક માટે સાત દિવસનો ગાળો ઘટાડી ૩ દિવસનો કરવાની પણ જોગવાઈ સૂચવવામાં આવી છે.

મ્યુનિ. કમિશ્નરશ્રી સભા મળેથી ૧૫ મિનિટના સમયમાં મેયર અને ડે. મેયર માટેના ઉમેદવારી પત્રો સ્વીકારાશે. આ પછી થોડીક મિનિટોમાં ચકાસણી કરી ઉમેદવારોની ઘોષણા કરશે.

મતદાનની સમગ્ર પ્રક્રિયાનું વિડીયો રેકોર્ડિંગ કરવાનું રહેશે અને મત સરખા મલતાં ડ્રો કરી મેયરના વિજેતાનું નામ જાહેર કરાશે.

આ પછી મેયર તરીકે વિજેતા બનનાર સભ્ય હોદ્દો ધારણ કરી ચૂંટણી અધિકારી તરીકેનો ચાર્જ સંભાળી ડે. મેયરની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરશે. જેમાં પણ મેયરની જેમજ પદ્ધતિ હાથ ધરવાની રહેશે.

રાજ્ય સરકારે જાહેર કરેલા આ નિયમમાં ડે. મેયરની ચૂંટણી કરવાના અધિકાર મેયરને આપવાની વાતે વિવાદ ઉભો કર્યો છે. ઉપરાંત આ ચૂંટણીમાં કાષ્ટીંગ વોટ (નિર્ણાયક મત) આપી શકશે કે કેમ તે વાતને લઈ જે અધ્યાહાર રાખવામાં આવ્યો છે તે પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે.

રાજયના શહેરી વિકાસ વિભાગે આટલી ઉતાવળથી આ નિયમો કેમ જાહેર કર્યા તેને લઈ પણ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો અને અટકળો શરૂ થઈ છે એટલુ જ નહિ સભા બોલાવવાની સમય મર્યાદામાં ઘટાડો કરવા પાછળ શું કારણ છે તેને લઈ પણ ચર્ચાઓ ઉભી થવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપ-કોંગ્રેસના ૧૬-૧૬ સભ્યો ચૂંટાયા છે. દરમ્યાન ગઈકાલે રાત્રે જ પ્રથમ બેઠક માટેનો એજન્ડા જારી કરી દેવામાં આવ્યો છે.

પંચ દ્વારા પરિણામનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાના ૨૪ કલાકમાં જ આ નિયમો તૈયાર કરી જારી કરવામાં આવતાં વિવાદ ઉભો થવા પામ્યો છે. ૮૧-૮૨માં રાજ્યમાં વડોદરા કોર્પોરેશનમાં આવી સ્થિતિ હતી ત્યારે ચાર વખત પ્રથમ સભા બોલાવવામાં આવી હતી અને ત્યારબાદ મેયર ચૂંટાયા હતા.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગરનો વિવાદ ઘેરો બને તે પૂર્વે સરકાર તેને નિપટાવવામાં વધુ વ્યસ્ત છે તેમ સૌ કોઈ માની રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ‘નીટ’ અંગે સુપ્રીમના ચુકાદાથી શહેરના વિદ્યાર્થીઓમાં ભારે ઉચાટ

## સ્ટેટ બોર્ડના વિદ્યાર્થીઓ માટે ખુબ જ કપરી સ્થિતિ : ૧લી મે ના રોજ પરીક્ષા છે અને આજે સુપ્રિમ કોર્ટે નિર્ણય જાહેર કરતા વિદ્યાર્થીઓ-વાલીઓ ખુબ ટેન્શનમાં આવી ગયા છે

ગાંધીનગર, તા. ૨૮

મેડીકલમાં પ્રવેશ માટેનો મુદ્દો ફરી ગુંચવાયો છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બી-ગ્રુપમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સુપ્રિમ કોર્ટે આજે આપેલા ચુકાદાને કારણે ખુબ જ ટેન્શનમાં આવી ગયા છે. મેડીકલમાં પ્રવેશ માટે NEET/AIPMT પરીક્ષા ફરજીયાત કરાતા ગુજકેટની પરીક્ષાની તૈયારી કરતા સ્ટેટ બોર્ડના વિદ્યાર્થીઓ અને વાલીઓ ખુબ જ ઉચાટ અનુભવી રહ્યા છે.

ગુજરાતની મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા અત્યાર સુધી લેવાતી હતી. ગુજકેટની પરીક્ષાના ૪૦ ટકા અને ચાર સેમેસ્ટરની વાર્ષિક પરીક્ષાના ૬૦ ટકા પ્રમાણે મેરીટની ગણતરી થતી હતી અને વિદ્યાર્થીઓને મેડીકલમાં પ્રવેશ અપાતો હતો. છેલ્લા કેટલાય સમયથી આ જ પ્રમાણે પ્રવેશ અપાતો હોવાથી સ્ટેટ બોર્ડના વિદ્યાર્થીઓ ગુજકેટની તૈયારી જ કરે છે. માત્ર ગણ્યા ગાંઠ્યા વિદ્યાર્થીઓ જ નીટની પરીક્ષાની તૈયારી કરતા હોય છે. નીટની પરીક્ષા બે દિવસ બાદ એટલે કે ૧લી મે ના રોજ લેવાની છે ત્યારે આજે અચાનક જ સુપ્રિમ કોર્ટે એક ચુકાદો આપતા જણાવ્યુ છે કે મેડીકલમાં પ્રવેશ માટે NEET/AIPMT પરીક્ષા ફરજિયાતપણે આપવી પડશે. ગુજકેટની પરીક્ષાના આધારે તૈયારી કરતા વિદ્યાર્થીઓ આ ચુકાદો આવતા જ ખુબ ટેન્શનમાં આવી ગયા છે. વિદ્યાર્થીઓની સાથે જ વાલીઓ પણ ખુબ ઉચાટ અનુભવી રહ્યા છે. તેનુ કારણ એ છે કે

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩ માં આખી રાત લાઈટ ડુલ રહેતા અંધારપટ્ટ છવાયો

## ટેકનિકલ ફોલ્ટના લીધે સમસ્યા સર્જાઇ રાત્રિના અંધારપટ્ટથી સેકટરવાસીઓને હાલાકી વેઠવી પડી

ગાંધીનગર તા ૨૮

શહેરના સેકટરોમાં ગમે ત્યારે સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. શહેરમાં અસ્તિત્વ ધરાવતા સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર જેટલા પોલ્સ પૈકી ૪૦ ટકા લાઈટો બંધ રહેતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે ત્યારે ગઈકાલે રાત્રિના શહેરના સે-૩ માં અંધારપટ્ટ છવાયેલો રહયો હતો. ટેકનિકલ ખામીના લીધે સેકટરોના મુખ્ય માર્ગો તેમજ શેરીઓમાં લાઈટો બંધ રહી હતી. જો કે સવારે ફોલ્ટનુ નિવારણ આવી ગયુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ થઈ જાય છે. સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઈટની સમસ્યા શિરદર્દ સમાન બની છે. એકબાજુ એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવ્યો છે. જયારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ધાંધિયા હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ઘણાંખરા થાંભલા બંધ હોવાની ફરિયાદો પણ છાશવારે ઉઠવા પામે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની ફુટપાથ પર વૃક્ષોના થડીયા દુર કરાયા પણ ગાબડા યથાવત

## વન તંત્ર દ્વારા કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરાયા પણ ગાબડા પુરાયા નથી

ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્ય માર્ગો પર ફુટપાથ પરથી કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરી દેવાયા છે. લાંબા સમયના અંતે વન વિભાગ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવતા વોક વે ચાલતા નાગરિકોની સમસ્યાનો અંત આવ્યો છે. જો કે હજુ અન્ય માર્ગો પર પણ આ કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. જયારે વૃક્ષોના મુળિયા દુર કરાયા બાદ અસ્તિત્વમાં આવેલા ગાબડા દુર કરવા પણ ત્વરિત કામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરના માર્ગો આસપાસ કરોડો રૂપિયાના ખર્ચે ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે શહેરમાં બાકી રહેતા માર્ગોને પણ ફુટપાથની આભા હેઠળ આવરી લેવાયા છે. જો કે ગ માર્ગ સહીતના વિસ્તારમાં ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા આમ નાગરિકોમાં ભ્રષ્ટાચારની ફરિયાદો સાથે રોષ પ્રવર્તયો છે. શહેરમાં ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણીના અભાવની સાથે આમ નાગરિકો ફુટપાથ પર વાહનો દોડાવતા ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. બીજીતરફ ફુટપાથ પર લાંબા સમયથી કપાયેલા વૃક્ષો થડીયાના લીધે વાકીંગ કરતા સિનિયર સિટીઝન્સ અકસ્માતનો ભોગ બનતા હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી હતી. શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત ફુટપાથ પર વચાળે જ વૃક્ષોના થડીયા આડશ બનતા વોકીંગ કરનારાઓ માટે અડચણ ઉભી થતી હતી. જેના લીધે આ કપાયેલા થડીયા દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આખરે વન વિભાગ દ્વારા ફુટપાથ પરથી થડીયા દુર કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ આ કામગીરીના અંતે ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવતા નવી સમસ્યા ઉભી થઈ છે. જેના લીધે વોક વે પર વચાળે જ ખોદકામ કરવામાં આવતા ખાડા પડ્યા છે. જેનુ યોગ્ય સમારકામ પણ ત્વરિત અસરથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



# પાનસર બેઠકની સદસ્યાને બે કરતાં વધુ સંતાન હોવાથી સભ્યપદેથી દૂર કરાયા

## ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યને દૂર કરવાની પ્રથમ ઘટના બનતાં જ પંચાયતમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યા પ્રીતીબેન ઠાકોરને બે કરતાં વધુ સંતાન હોવાનું જણાતાં તેમને સભ્યપદેથી દૂર કરવાની સાથે પાનસરની જિલ્લા પંચાયતની બેઠક ખાલી પડેલી જાહેર કરવાના આદેશ અધિક વિકાસ કમિશ્નર દ્વારા કરવામાં આવતાં પંચાયતના વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં કલોલ તાલુકાની પાનસર બેઠક પરથી કોંગ્રેસના પ્રીતિબેન ઠાકોર બે કરતાં વધુ સંતાન ધરાવતા હોઈ તેમનુ સભ્યપદ રદ કરવુ જોઈએ તેવી દાદ માંગતી અરજી કરવામાં આવી હતી.

આ અરજી પર સુનાવણીને અંતે અધિક વિકાસ કમિશ્નરશ્રીએ તેમનો ચુકાદો ઉપર મુજબ આપી તેની જાણ જિલ્લા સત્તાવાળાઓને કરી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૨૫ સભ્યો છે. એક સભ્યપદ માટે ગેરલાયક ઠરતાં હવે આ સંખ્યા ઘટીને ૨૪ પર પહોંચી છે.

જિલ્લા પંચાયતની તવારિખીમાં આમ તો આ પહેલો કિસ્સો નોંધાયો છે. જો કે અગાઉ પંચાયતો અને તાલુકા પંચાયતમાં આવા કિસ્સા ધ્યાને આવતાં સભ્યોનું સભ્યપદ છીનવાયુ છે. જિલ્લા પંચાયતની પાનસર બેઠક ખાલી થતાં હવે આગામી દિવસોમાં આ બેઠકની પેટા ચૂંટણી યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યનું સભ્યપદ રદ થવાને લઈ પંચાયતના રાજકીય વર્તુળોમાં પણ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

### મેડીકલ વાનની હરાજી

**સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ, ગાંધીનગર**

પ્લોટ નં. ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર તરફથી તેની ચાલુ સ્થિતિમાં નીચે જણાવેલ વિગતની ફરતા દવાખાના માટેની મેડીકલ વાનને જાહેર હરાજીથી વેચવાની છે. વાહન ખરીદનાર વ્યકિત / પેઢીએ નીચે જણાવેલ સરનામે અરજી કરીને તે અંગેનું, હરાજીની શરતો સાથેનું કોરું ભાવપત્રક રૂ. ૫૦/૦ રોકડેથી આપીને મોડામાં મોડા તારીખ : ૩૦/૫/૨૦૧૬, સોમવાર સુધીમાં મેળવી લેવાનું રહેશે. ભરેલ ભાવપત્રક મોડામાં મોડા તારીખ : ૧૧/૬/૨૦૧૬ શનિવાર સુધીમાં મળી જાય તે રીતે ફક્ત રજી. પોસ્ટ એ.ડી.થી જ હરાજીની શરતોને આધિન મોકલી આપવાનું રહેશે. કવર ઉપર ‘વાહનની ઓફર’ લખવું. આ ભવપત્રક સાથે રૂ. ૫૦૦૦/-નો ‘સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર’ના નામનો ગાંધીનગરની કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેન્કનો ડિમાન્ડ ડ્રાફટ બાનાની રકમ તરીકે બીડવાનો રહેશે. બાનાની રકમ સિવાયનું ભાવપત્રક રદબાતલ ગણાશે અને તેમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. આવેલ ભાવપત્રકોને તારીખ ૧૩/૬/૨૦૧૬ના રોજ સોમવારે બપોરે ૩-૦૦ કલાકે ઓફર મોકલનારાઓની હાજરીમાં કાઉન્સિલની કચેરીએ ખોલવામાં આવશે. ત્યારબાદ તે જ સ્થળે, સૌથી ઉંચી આવેલ ઓફરથી, જાહેર હરાજી ચાલુ કરવામાં આવશે. સૌથી વધુ બોલી બોલનારે તેમના ઓફરને, કાઉન્સિલની મંજુર મળ્યા બાદ તેમની ઓફરની ૨૫% રકમનો ચેક યા રોકડા સ્થળ ઉપર જ આપવાના રહેશે. બાકીની રકમનું ચૂકવણું ફક્ત ચેકથી ૧૦ દિવસમાં કરવાનું રહેશે. આમાં ચૂક થયે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. નામંજુર થયેલ ઓફરોવાળાની બાનાની રકમ પરત કરવામાં આવશે.

વાહનની વિગતો : તાતા કંપનીની એસ મેજિક બીએસ-૩ ગાડીનું મોડલ સપ્ટેમ્બર-૨૦૦૯, બંધ બોડીની મેડીકલ વાન, રજી.ની તારીખ : ૪-૯-૨૦૧૦, રજી. નં. જીજે-૧૮-એએચ-૨૪૫૮.

વાહન જોવાનું તથા કોરા ભાવપત્રકો મેળવવાનું તેમજ સિલબંધ ભાવપત્રકો મોકલવાનું સરનામું

**શ્રી એચ. એમ. પંચાલ - ટ્રસ્ટી / કોષાધ્યક્ષ**
પ્લોટ નં. ૧૫૨/૧, સેક્ટર-૨૨, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૨૬૮૮, મો. : ૯૮૨૪૬ ૧૩૬૩૦

**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગુજરાત સરકારમાં વર્ષ-2016માં 12,400 જગ્યાઓની ભરતી પરીક્ષાઓ...
PSI | કોન્સ્ટેબલ | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) બિન.સચિ. / તલાટી | Dy SO નાયબ મામલતદાર (પ્રિલિમ પરીક્ષા)
GPSC વર્ગ-1/2 (Dy. SP/મામલતદાર વગેરે... (પ્રિલિમ પરીક્ષા)
નીચેના સમયપત્રક મુજબ વર્ગ શરૂ થાય છે...!

| વર્ગ શરૂ થવાની તા. | કોર્ષનું નામ | સમય ગાળો | ભણવાનો સમય | ભણવાના દિવસ | ફી ની વિગત |
|---|---|---|---|---|---|
| 12/06/16 | GPSC વર્ગ-1/2 (પ્રિલિમ પરીક્ષા) | માસ 5 | સાંજના 4 થી 7 | શનિ / રવિ | ONLY RS. 18000/- |
| 05/06/16 | નાયબ મામલતદાર Dy SO (પ્રિલિમ) | માસ 3 | બપોરના 1 થી 4 | શનિ / રવિ | ONLY RS. 14000/- |
| 12/05/16 | PSI | માસ 4 | સવારના 7 થી 9 | સોમ થી શુક્ર | ONLY RS. 16000/- |
| 10/05/16 | કોન્સ્ટેબલ | માસ 3 | બપોરના 3 થી 5 | સોમ થી શુક્ર | ONLY RS. 11000/- |
| 12/06/16 | કોન્સ્ટેબલ | માસ 3 | બપોરના 1 થી 4 | શનિ / રવિ | ONLY RS. 11000/- |
| 05/05/16 | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) | માસ 3 | બપોરના 1 થી 3 | સોમ થી શુક્ર | ONLY RS. 14000/- |
| 08/05/16 | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) | માસ 3 | સાંજના 4 થી 7 | શનિ / રવિ | ONLY RS. 14000/- |

સંપૂર્ણ ફી એક સાથે ભરવાની છે
26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
: પ્રવેશ માટે રૂબરૂ મળવાનો સમય : સવારના 10 થી 12-30, સાંજના 3 થી 6-30
328/2, ડૉ. વ્યાસાના દવાખાના નજીક, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સે.7/A, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com